આખરે વરુણ સંપૂર્ણ કોમેડી અવતારમાં પાછો આવી રહ્યો છે!

ફિલ્મ 'સની સંસ્કાર કી તુલસીકુમારી' ના 50 સેકન્ડના ટીઝરમાં વરુણ ધવનના બાહુબલી લુક અને 'રણવીરસિંહ કી ધોતી મેં પ્રભાસ કા પૌધા લગ રહા હૈ' સંવાદ સાથેના દમદાર અંદાજને પસંદ કરવામાં આવ્યો છે. આવાં જ દૃશ્યો આખી ફિલ્મમાં હશે તો રોમાંસ- કોમેડી અને ડ્રામાના મિશ્રણ સાથે મનોરંજનનો સારો ડોઝ આપી શકે છે. નાનકડા ટીઝરથી આખી ફિલ્મ વિશે કશું પણ કહી શકાય નહીં કેમ કે 'બાગી 4' ના ટ્રેલરમાં હતું એ ફિલ્મમાં ન હતું. સોનુ નિગમનું અત્યારે 'બાગી 4' નું 'પરદેસીયા' ધૂમ મચાવી રહ્યું છે અને દર્શકોને આકર્ષી રહ્યું છે ત્યારે આ ફિલ્મમાં જૂનું ગીત 'બિજુરિયા' રીબૂટ કરીને મૂક્યું છે એ પણ લોકોને પસંદ આવી રહ્યું છે. અલબત્ત સારી ફિલ્મ તરીકે 'બદ્રીનાથ કી દુલ્હનિયા'ની યાદ આવી ગઈ છે અને આશા રાખીએ કે વરુણ અને શશાંક ખેતાન ફરી એવી ધમાલ મચાવશે. વરુણ ફરી પોતાના મસ્તીભર્યા અવતારમાં પાછો આવી રહ્યો છે. 'બવાલ' પછી ત્રણ વર્ષે તેની કોઈ ફિલ્મ આવી રહી છે. એણે પ્રભાસના 'બાહુબલી' ના રૂપનો સહારો લીધો છે પણ જો સારી કોમેડી કરી હશે તો ફરી એને આવી ફિલ્મો મળવા લાગશે. દર્શકોએ ખુશી વ્યક્ત કરી છે કે આખરે વરુણ સંપૂર્ણ કોમેડી અવતારમાં આવી રહ્યો છે. વાર્તાનો અંદાજ એવો આવે છે કે વરુણ (સની) કોઈ નાટકમંડળીમાં કામ કરતો હશે અને એને જહાનવી કપૂર (તુલસીકુમારી) નો કોઈ કામમાં સાથે મળશે. વરુણ અને જહાનવીની જોડી 'બવાલ' માં પસંદ કરવામાં આવી હતી. એમની સાથે રોહિત સરાફ અને સાન્યા મલ્હોત્રા પણ મુખ્ય ભૂમિકામાં છે. રોહિત શાહરૂખ ખાનની શૈલીમાં હેલિકોપ્ટરમાંથી નીકળે છે. તે જહાનવી અને સાન્યા બંનેની પહેલી પસંદ તરીકે જોવા મળશે. શૂટિંગ પૂરું થયા પછી કલાકારોએ શૂટિંગના ફોટા શેર કર્યા હતા. એમાં વરુણ અને જહાનવી સાથે રોહિત અને સાન્યાએ ખાસ ટી-શર્ટ પહેરેલા હતાં. હીરોઈનોનાં ટી-શર્ટ પર લખ્યું હતું કે તેઓ સનીને પ્રેમ કરે છે પણ વિક્રમ (રોહિત સરાફ) ને ઈચ્છે છે. હાર્ડકોર બોલિવૂડ ચાહકોને ધ્યાનમાં રાખીને ફિલ્મ બનાવવામાં આવી છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન હેઠળ બનેલી આ ફિલ્મ 2 ઓક્ટોબરે ગુરુવારે આવી રહી હોવાથી બોક્સ ઓફિસ પર રજા સાથે લાંબા વીકએન્ડનો લાભ મેળવી શકશે કે કેમ એની ખબર નથી કેમ કે ઋષભ શેટ્ટીની 'કાંતારા-એ લીજેન્ડ' અને હર્ષવર્ધન રાણેની 'એક દીવાને કી દીવાનિયત'નો સામનો કરવો પડશે.

ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

એક મલયાલમ ફિલ્મ હિન્દી ફિલ્મોના મોટા યુનિવર્સને પડકાર આપશે!

એક મલયાલમ ફિલ્મ 'લોકાહ ચેપ્ટર 1 ચંદ્રા' ને રૂપ થયા બાદ એટલી પ્રશંસા મળી કે હિન્દીમાં ડબ કરવી પડી છે. એને આ વર્ષની અત્યાર સુધીની શ્રેષ્ઠ ફિલ્મ ગણવામાં આવી છે. એ માનવું પડશે કે મલયાલમ સિનેમા ધીમે ધીમે એક એવા ઉદ્યોગમાં વિકસિત થઈ રહ્યું છે જ્યાં સારી વાર્તાઓને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. મલયાલમનો કેઝ વધવાનું કારણ અનોખી અને અલગ સામગ્રી છે. બોલીવુડના ફિલ્મ નિર્માતાઓ જે નાની વસ્તુઓને અવગણે છે તે જ નાની વાર્તા ઓછા બજેટમાં મલયાલમ સિનેમામાં હિટ બની જાય છે. આ ફિલ્મમાં કોઈ ગીતો નથી, કોઈ મોટા સ્ટાર નથી છતાં પ્રશંસા જ નહીં બોક્સ ઓફિસ પર સફળતા મેળવી રહી છે. એટલું જ નહીં મલયાલમમાં આ વર્ષે સૌથી વધુ કમાણી કરનારી ત્રીજી ફિલ્મ બની છે. ફિલ્મને પહેલા દિવસે રૂ.2 કરોડ મળ્યા હતા. જે 10 મા દિવસે રૂ.10 કરોડથી પણ વધુ હતા. બે સપ્તાહમાં રૂ.100 કરોડની ક્લબમાં આવી ગઈ છે. વધારે નવાઈની વાત એ છે કે એની સાથે રૂપ થયેલી મોહનલાલની 'હૃદયપૂર્વમ' કરતાં વધુ આવકાર મેળવી ગઈ છે અને હિન્દી ફિલ્મોના મોટા ગણાતા યુનિવર્સને પડકાર આપવા જઈ રહી છે. 'સ્ત્રી યુનિવર્સ' કે 'સ્પાય યુનિવર્સ'ની જેમ જ એનો બીજો ભાગ જોવાની ઉત્સુકતા વધી ગઈ છે. મોટી વાત એ છે કે અંતનાં ક્રેડિટ દૃશ્યોમાં બે મોટા સ્ટાર્સના કેમિયો છે. જે આગામી ભાગોમાં મોટી ભૂમિકામાં જોવા મળશે. દિલ્હર્ક ડોમિનિક અરુણની આ બીજી ફિલ્મ છે. 2017માં 'થારૂંગમ' બનાવી હતી. જેનું નિર્માણ ધનુષ દ્વારા થયું હતું. 'લોકાહ ચેપ્ટર 1' ને દુલકર સલમાને બનાવી છે. રૂ.30 કરોડમાં ગુણવત્તા એવી છે કે હોલિવૂડની ફિલ્મોને પણ ટક્કર આપે એવું પ્રોડક્શન છે. બોલિવૂડની ફિલ્મો રૂ.400 કરોડ ખર્ચીને પણ નિરાશ કરે છે. જેમાં અભિનેત્રી કલ્યાણી 'મહિલા સુપરહીરો' છે. ભારતમાં છેલ્લી આવી કઈ ફિલ્મ આવી હતી એની કોઈને ખબર નથી. કલ્યાણી પહેલી વખત પ્રિદર્શનની ફિલ્મ 'હેલો' માં દેખાઈ ત્યારે જ અંદાજ આવી ગયો હતો કે તે ઇન્ડસ્ટ્રીમાં પોતાનું નામ કમાવવા જઈ રહી છે. ફિલ્મમાં તે જેટલી સુંદર અને માસૂમ દેખાય છે તેટલી જ ખતરનાક પણ છે. સાયકો કિલર્સ અને વિલનની ભૂમિકામાં સેન્ડીએ પોતાની પસંદ યોગ્ય હોવાનું સાબિત કર્યું છે. બીજો ભાગ થોડો કંટાળાજનક બને છે. ઘણાં બધાં પાત્રો શા માટે છે તે સ્પષ્ટ નથી. કદાચ તેને આગામી ભાગમાં વિકસાવવામાં આવશે. કેટલીક ખામીઓ સાથે એક સાફસૂથરી

હાઇજેકર પતિ, BHUમાં અભ્યાસ...

નેપાળની GEN-Zએ વચગાળાના વડાં પ્રધાન તરીકે ચૂંટ્યા એ સુશીલા કાર્કી કોણ છે?

વર્ષ હતું 1960. નેપાળમાં રાજા મહેન્દ્રએ બીપી કોઈરાલાની સરકારને હટાવીને સત્તા કબજે કરી હતી. વર્ષ 1961માં તેમણે 'પંચાયત' નામની એક નવી વ્યવસ્થા શરૂ કરી હતી. સૂત્ર આપવામાં આવ્યું હતું - એક રાજા, એક પહેરવેશ, એક ભાષા. ખરેખર, તે 'રાજાશાહી' હતી. રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને બધી સત્તાઓ રાજા પાસે આવી ગઈ હતી. નેપાળને આમાંથી બહાર નીકળવામાં 30 વર્ષ લાગ્યા હતા. 1990માં નેપાળી કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ સાથે મળીને આ વ્યવસ્થા સામે આંદોલન શરૂ કર્યું હતું. આ પછી નેપાળમાં બહુપક્ષીય લોકશાહી પાછી આવી હતી.

નેપાળના ઇતિહાસમાં 1960 થી 1990 સુધીના સમયગાળાને 'પંચાયત શાસન' કહી શકાય. આ સમય દરમિયાન ઘણી નેપાળી હસ્તીઓએ જેલમાં રહેવું પડ્યું હતું. 1919ના દાયકામાં બિરાટનગર જેલમાં કેદ આવી જ એક મહિલા તેમના આગામી પુસ્તક માટે પૃષ્ઠભૂમિ બનાવી રહી હતી. પુસ્તકનું નામ 'કારા' હતું એટલે કે જેલ. લોકશાહી વિરુદ્ધ સ્થાપિત વ્યવસ્થા દરમિયાન પોતાના જીવનના મહત્ત્વપૂર્ણ દિવસો જેલમાં વિતાવનાર આ મહિલા પાછળથી નેપાળમાં ખૂબ પ્રખ્યાત થઈ હતી અને જ્યારે સપ્ટેમ્બર 2025માં Gen-zના નેતૃત્વમાં નેપાળમાં લોકશાહીને ફરીથી વ્યાખ્યાયિત કરવાની જરૂર પડી ત્યારે તેમનું નામ ફરીથી ઇતિહાસમાં નોંધાયું છે.

1997 થી 2012ની વચ્ચે જન્મેલા લોકો, જેમને Gen-z કહેવામાં આવે છે, તેમની મહત્તમ ઉંમર 2025માં 30 વર્ષ હોઈ શકે છે, જ્યારે ઉપર ચર્ચા કરવામાં આવી રહી છે એ મહિલાની ઉંમર 73 વર્ષ છે અને Gen-z તેમને નેપાળના વચગાળાના વડાં

પ્રધાન તરીકે તેમના પ્રતિનિધિ તરીકે ચૂંટવા સંમત થયા છે. આ મહિલાનું નામ છે સુશીલા કાર્કી. 12 સપ્ટેમ્બરના રોજ, સુશીલા કાર્કીએ વચગાળાનાં વડાં પ્રધાન તરીકે શપથ લીધાં છે.

સપ્ટેમ્બર 2025. નેપાળમાં હિંસા થઈ. આ દરમિયાન ત્યાં વચગાળાની સરકાર બનાવવાની કવાયત શરૂ કરવામાં આવી હતી. સરકારે વિરોધીઓને રોકવા માટે 'પેલેટ ગન'નો ઉપયોગ કર્યો હતો. ઘણા યુવાનો માર્યા ગયા હતા. જવાબમાં પ્રદર્શનકારીઓએ ભીષણ હિંસાનો આશરો લીધો હતો. હિંસા એટલી ઉગ્ર હતી કે આ આંદોલન પર સવાલ ઊભા થયા હતા. ટીકાકારોએ આશંકા વ્યક્ત કરી છે કે લોકશાહી જાળવવાની પ્રક્રિયા આ સ્તરની હિંસામાંથી પસાર થઈ શકે નહીં.

નેપાળી Gen-Zએ લોકશાહી જાળવવા અને નવી ચૂંટણીઓ કરાવવાની જવાબદારી એક મહિલાને સોંપી છે, જે એક સમયે સમગ્ર નેપાળની ન્યાયિક વ્યવસ્થાના પ્રભારી હતા. નેપાળ ફરી એકવાર તેમની પાસેથી ન્યાયની અપેક્ષા રાખી રહ્યું છે

જો કે, નેપાળી Gen-zએ લોકશાહી જાળવવા અને નવી ચૂંટણીઓ કરાવવાની જવાબદારી એક મહિલાને સોંપી છે, જે એક સમયે સમગ્ર નેપાળની ન્યાયિક વ્યવસ્થાના પ્રભારી હતા. નેપાળ ફરી એકવાર તેમની પાસેથી ન્યાયની અપેક્ષા રાખી રહ્યું છે, પરંતુ કમનસીબે, ન્યાયતંત્ર સાથે સંબંધિત તેમનો પાછલો કાર્યકાળ સુખદ રહ્યો ન હતો.

વર્ષ 2016માં સુશીલા કાર્કી નેપાળ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. આ ઘટના ઐતિહાસિક હતી. કારણ કે તેઓ નેપાળમાં આવું પદ સાંભળનારા પ્રથમ મહિલા હતાં. પરંતુ 2017માં તેમનો સમય મુશ્કેલ સાબિત થયો હતો. તે સમયે સરકારનું નેતૃત્વ કરી રહેલી નેપાળી કોંગ્રેસે તેમની સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે પોતાની સંસદીય શક્તિનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં.

મહાભિયોગ પ્રસ્તાવમાં તેમના પર પક્ષપાતી હોવાનો અને કારોબારીની સત્તાઓમાં દખલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને પોલીસ વડાંની નિમણૂક અંગેના વિવાદમાં. જો કે, જાહેર દબાણને કારણે કાર્કી સામેનો મહાભિયોગ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો, પરંતુ રાજકીય ભ્રષ્ટાચારથી તેઓ હતાશ હતાં. નિવૃત્તિ પછી પણ તેમણે આ મુદ્દા પર કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

જો કે, સુશીલા કાર્કી પોતે પણ રાજકીય ભ્રષ્ટાચારનાં આરોપોથી અસ્પૃશ્ય નહોતા. આરોપો લગાવવામાં આવ્યા હતાં કે મુખ્ય ન્યાયાધીશ હોવા છતાં તેમણે રાજકીય પક્ષો સાથે સંકળાયેલા ન્યાયાધીશોની નિમણૂક પર આગ્રહ રાખ્યો હતો. તેમના પર પ્રશ્નો ઊભા થયા હતાં. કાર્કીએ પોતાનો બચાવ કરતા કહ્યું હતું, એકવાર તેઓ ન્યાયાધીશ બન્યા પછી, તેઓ રાજકારણથી દૂર થઈ જશે. જો કે, બાદમાં તેમણે કેટલાક મંત્રીઓનો પર્દાફાશ કર્યો હતો, જેમણે તેમના સંબંધીઓને ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવા માટે તેમના પર કથિત રીતે દબાણ કર્યું હતું.

ચાલો ફરી એકવાર નેપાળના 'પંચાયત શાસન' તરફ પાછા જઈએ. વર્ષ 1973 હતું. નેપાળમાં લોકશાહી પાછી લાવવાના પ્રયાસો થઈ રહ્યા હતા. જીપી કોઈરાલા આ માટે સશસ્ત્ર સંઘર્ષ લડી રહ્યા હતા. તેમને શસ્ત્રો ખરીદવા માટે પૈસાની જરૂર હતી. આ વર્ષે જૂનમાં નેપાળ એરલાઈન્સનું વિમાન હાઈજેક કરવામાં આવ્યું હતું. આ વિમાન 40 લાખ રૂપિયા લઈને બિરાટનગરથી કાઠમંડુ સેન્ટ્રલ બેંક જઈ રહ્યું હતું. તે વિમાનને બિહારના ફોર્બ્સગંજમાં ઉતરાણ કરવાની ફરજ પાડવામાં આવી હતી. આ 40 લાખ રૂપિયા જીપી કોઈરાલાને સોંપવામાં આવ્યા હતા. લોકશાહી પાછી આવી ત્યારે કોઈરાલા ચાર વખત નેપાળના વડાં પ્રધાન બન્યા હતા.

આ હાઈજેક પાછળ નેપાળી કોંગ્રેસ સાથે સંકળાયેલા ચાર લોકોના નામ સામે આવ્યા હતા. તેમાંથી એક દુર્ગા સુબેદી હતા. 1990માં 'પંચાયત વ્યવસ્થા'ના અંત અને લોકશાહીની વાપસી પછી, સુશીલા કાર્કીએ આ દુર્ગા સુબેદી સાથે લગ્ન કર્યા હતાં. સુબેદી તેમના શિક્ષક હતા. સુશીલાએ એક વખત તેમના વિશે કહ્યું હતું કે સુબેદી દરેક કટોકટી અને દરેક પરિસ્થિતિમાં તેમના સૌથી વિશ્વાસુ મિત્ર અને માર્ગદર્શક છે. મીડિયા અહેવાલો અનુસાર, તે બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU)માં સુબેદીને મળ્યા હતાં.

હકીકતમાં નેપાળની ત્રિભુવન યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કરતા પહેલા, 1975માં સુશીલાએ BHU વારાણસીમાંથી રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી. આજ વર્ષે જુલાઈમાં 'મહામાન માલવિયા મિશન નેપાળ'એ નેપાળમાં દૂતાવાસના સહયોગથી BHU ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંપર્ક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સુશીલા કાર્કીએ તેમનાં BHUનાં દિવસોને યાદ કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, તેમને ભૂતપૂર્વ વડાં પ્રધાન બીપી કોઈરાલાની પત્ની સુશીલા અમા પાસેથી નૃત્ય શીખવાની અને નેપાળી કોંગ્રેસના નેતા પ્રદીપ ગિરી પાસેથી રાજકીય શિક્ષણ મેળવવાની તક મળી હતી. કાર્કીએ જણાવ્યું કે તેમને એક વખત BHUમાં ભણાવવા અને પીએચડી કરવાની ઓફર મળી હતી, પરંતુ તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શક્યા નહીં. સુશીલા કાર્કીનું 'ભાગ્ય' તેમને સુપ્રીમ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ પદ સુધી લઈ ગયું હતું. પરંતુ તેઓ કલ્પના પણ કરી શક્યા નહીં હોય કે 'ભાગ્ય' તેમને વડાં પ્રધાન પદ સુધી પણ લઈ જશે.

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

જીવન અને થાળી

આંખની અટારી

★ હેમુ ભીખુ

શરૂઆતમાં થાળી ચોખ્ખી હોય. તેની સાથે વાડકી-ચમચી વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં હોય. તેમાં ભોજન પીરસવામાં આવે. તે વખતે જાણે થાળીનું સૌંદર્ય નિરખી ઊઠે. વ્યક્તિ જમવા બેસે ત્યારે પ્રેમથી તે થાળી સાથે જાણે વ્યવહાર કરે. જેમ જેમ ખાવાની પ્રક્રિયા આગળ વધે તેમ તેમ થાળી સાથેના વ્યવહારમાં પ્રેમની માત્રા જાણે ઘટતી જાય. છેલ્લો કોળિયો બાકી હોય ત્યાં સુધી થાળી કંઈક વ્યવસ્થિત જણાય. તેમાં ક્યાંય ગંદકી પ્રતીત ન થાય. એક વાર છેલ્લો કોળીઓ આરોગી લેવાય પછી થાળી ગંદી લાગે. ઘણી વ્યક્તિ તો આ પ્રકારની થાળીને ઊંચકીને ચોકડીમાં પણ ન લઈ જાય. જીવન અને થાળી વચ્ચે ઘણી સમાનતા છે. જીવન એટલે એવી વાસ્તવિકતા જેની સાથે વિવિધ પ્રકારની ઘટના ઘટિત થાય. જીવન વાસ્તવિકતામાં નિર્લેપ હોય પરંતુ તેની સાથે જે જે ઘટના સંકળાય તેનાથી જીવનનું મહત્ત્વ તેમ જ પ્રકાર સ્થાપિત થાય છે. જીવન એક થાળી છે.

થાળી આમ તો નિષ્ક્રિય તેમ જ નિર્લેપ પરિસ્થિતિ છે. થાળી ખવાતી નથી, તેમાં તો માત્ર ખોરાક પીરસવામાં આવે છે. કોઈ મીઠાઈ ચાંદીની થાળીમાં પીરસવામાં આવી હોય કે એલ્યુમિનિયમની, સ્વાદમાં કંઈ ફેર ન પડે, પૌષ્ટિકતા પણ તેવી જ રહે. એકંદરે થાળીને ખોરાક અને ભોજનના પરિણામ વચ્ચે કોઈ પ્રકારનું સમીકરણ નથી. ખોરાકનું પરિણામ તો તેનાં પ્રકાર અને વ્યક્તિની પાચન ક્ષમતા પર આધાર રાખે, થાળી પર નહીં. હા, ચાંદીની થાળી માનસિક રીતે અહંકારને પોષી શકે. આવું જ જીવનમાં છે. જીવન તો સમયને આધારે પસાર થતી પરિસ્થિતિ માત્ર છે. તે જીવનમાં શેનો પ્રવેશ થાય છે તેના આધારે જીવનને અર્થ પણ મળે અને તેનું મહત્ત્વ પણ સ્થાપિત થાય. જીવનકાળમાં જો ખુશી પ્રવેશે તો થાળી સુંદર જણાય. તેનાથી વિપરીત પરિસ્થિતિ પણ હોઈ શકે. જ્યારે જીવનમાં સુંદરતા પ્રતીત થાય ત્યારે તેમાં થાળીનો કોઈ ફાળો નથી હોતો. જીવન ચાંદીનું હોય કે એલ્યુમિનિયમનું, જો પાચન ક્ષમતા હોય તો, બંને સમાન પરિણામ આપે.

ભૂખની આવશ્યકતા છે, થાળી ગમે તે હોય તે ચાલે. જો ભૂખ ન હોય તો ખોરાક માટે રુચિ જાગ્રત ન થાય. છતાં પણ જો ખોરાક લેવામાં આવે તો નકારાત્મક અસર થવાની પૂરેપૂરી સંભાવના રહે. ભૂખ લાગે ત્યારે થાળી પણ આકર્ષક લાગે. તેમાં પીરસવામાં આવેલું ભોજન રસપ્રદ જણાય. ભોજન કરવાની ઇચ્છા થાય અને તે પ્રમાણે ભોજન ગ્રહણ પણ કરવામાં આવે. તેવી જ રીતે જીવનમાં જો ખરેખર જરૂરિયાત ઊભી થાય, પરિસ્થિતિ પ્રમાણે કોઈ ચોક્કસ પ્રકારની આવશ્યકતા જણાય, તો પછી આપમેળે કાર્યરત થવાય. તેવા સંજોગોમાં એમ કહી શકાય કે જીવનમાં જે તે બાબતની ભૂખ જાગ્રત થઈ છે અથવા તો ભોજન ગ્રહણ કરવાની જરૂરિયાત ઊભી થઈ. પછી જીવનમાં રસ પણ જાગે, તેની સાથે સંલગ્નતા પણ સ્થાપિત થાય અને તેનાથી ઇચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે યોગ્ય પુરુષાર્થનો પ્રારંભ પણ થાય. એક વાર ભૂખ ભાંગી જાય, એક વાર જરૂરિયાત દૂર થઈ જાય, પછી કાર્યમાં રસ ન રહે.

ગુજરાતી સંસ્કૃતિમાં થાળીની ધારણા અનોખી છે. ભલે તેનાથી પેટ ભરાતું હોય પણ ઈડલી-સાંભારને થાળી ન કહેવાય. પશ્ચિમી સંસ્કૃતિથી આયાત કરવામાં આવેલ પીઝાનો સ્વાદ પૂરેપૂરો માણી શકાય પરંતુ પીઝાની ડીશને થાળી ન કહેવાય. થાળી એટલે જેમાં રોટલી, ભાખરી કે પૂરી હોય, શાક અને કકોળ હોય, દાળ અને ભાત હોય, સાથે છાશ, પાપડ અથાણાં, કચુંબર અને થોડુંક 'ગળપણ' હોય. વળી છેલ્લે મુખવાસ પણ મળતો હોય. આ એક સંપૂર્ણ ખોરાક છે. અહીં દરેક રસ છે, દરેક પૌષ્ટિક તત્ત્વની સંભાવના છે, વિવિધ પ્રકારનું 'કોમ્બિનેશન' શક્ય છે અને તેની સાથે એક 'સંપૂર્ણતા'ની ધારણા છે. આમાં 'થાળી' તો માત્ર દરેક પ્રકારના રસ અને પૌષ્ટિક તત્ત્વોને રાખવાનું સાધન માત્ર છે. થાળી એ રસ પણ નથી અને પૌષ્ટિકતા પણ નથી. જીવનમાં પણ આમ જ છે. જીવન-કાળ એ તો જુદી જુદી અનુભૂતિને, જુદા જુદા અનુભવોને, જુદી જુદી સમજને, જુદા જુદા પ્રકારના વિશ્વાસને ગોઠવવા માટેનું માધ્યમ માત્ર છે. આ જીવનમાં શું ગોઠવવામાં આવે છે અથવા કર્મના સિદ્ધાંત પ્રમાણે શું ગોઠવાય જાય છે, તે નિર્ધારિત કરે કે રસિકતા અને પૌષ્ટિકતા કેવી અને કેટલી છે. થાળી - જીવન એટલે ઘણાં બધાં રસનો સરવાળો.

ભૂખ આકર્ષે છે, જે તૃપ્ત થયા પછી ચોક્કસ સમયગાળા પૂરતી 'વિરક્તિ' સ્થાપિત થાય છે. ભૂખ શમી જાય તે વખતે ક્ષણિક ખુશી મળી શકે. ભૂખ શમી જાય પછી થાળી પણ છોડી દેવાય છે અને વધેલો ખોરાક પણ જેમનો તેમ ત્યાં જ રહી જાય છે. જીવનમાં એક વાર તૃપ્તિ મળે પછી કોઈ પણ પ્રકારની કામવાસના પાછળ મન દોડતું નથી. ભૂખ તો 'ખોરાક'ની હોય જે ફરીથી જાગ્રત થઈ શકે, તેનાં સંપૂર્ણ શમન માટે જુદા જ પ્રકારની પરિપક્વતા, માનસિકતા તેમ જ સમજની આવશ્યકતા રહે. કોઈ પણ પ્રકારની ભૂખ પ્રત્યે મન ધ્યેયું ન થાય તો ચોક્કસ થાળી પ્રત્યેનો લગાવ છૂટી જાય, જીવનથી મુક્તિ મળે. મજાની વાત એ છે કે ઉંમર બદલાતાં થાળી તો તેની તે જ રહે, ખોરાક બદલાઈ જાય.

ભૂખ લાગે ત્યારે થાળી પણ આકર્ષક લાગે. તેમાં પીરસવામાં આવેલું ભોજન રસપ્રદ જણાય. ભોજન કરવાની ઇચ્છા થાય અને તે પ્રમાણે ભોજન ગ્રહણ પણ કરવામાં આવે. તેવી જ રીતે જીવનમાં જો ખરેખર જરૂરિયાત ઊભી થાય, પરિસ્થિતિ પ્રમાણે કોઈ ચોક્કસ પ્રકારની આવશ્યકતા જણાય તો પછી આપમેળે કાર્યરત થવાય

જ્યારે રસ છૂટી જાય ત્યારે, તત્ત્વજ્ઞાનની પરિભાષામાં તેને 'વિરક્તિ' કહેવાય. જ્યારે શરીર અને ઇન્દ્રિયની ઇચ્છા ન હોય અથવા પૂરી થઈ ગઈ હોય ત્યારે 'ખોરાક' પ્રત્યેનો મોહ ઓછો થઈ જાય અને આ વિશ્વના ભોગો પણ નીરસ જણાય. ભોજનની આવશ્યકતા ન હોય તો થાળીની જરૂર ન રહે. ત્યાં સુધી, થાળીની જેમ જીવનને પણ સાફ કરવું પડે. તેમાં ઘણા બધા અનુભવોની અસર રહી જાય. તે બધાંની ગ્રંથિ બંધાવી ન જોઈએ. સમય પ્રમાણે જેતે પરિસ્થિતિ, જેતે ઘટના સ્થાપિત થઈ, એમ માની મનમાં ક્યાંક સંગ્રહિત થયેલી 'ગાંઠ'નો નિકાલ કરવો જોઈએ.